©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 06th AUGUST, 2026/SRAVANA 15, 1948 [Issue No. 32

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	521-562	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	7857-8200
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the I/c Prinicipal District Judge

Read :

1. *Hon'ble High Coutrt Letter No. A.1367/2019, dtd. 19-10-2019.*
2. *Notification No. B/448/2024, dated 05-12-2024 of this Office.*
3. *Letter No. GSLSA/1914/2024, dated 04-12-2024 of Gujarat State Legal Services Authority.*
4. *Letter No. GSFM.1348/2025, dated 25-06-2025 of the Hon'ble High Court of Gujarat.*
5. *Notification No. A0705(I)/2026[14], dated 07-05-2026 of the Hon'ble High Court of Gujarat.*

NOTIFICATION

No. B/280/2026.-Consequent upon direction issued by the Hon'ble High Court vide its letters cited at Sr. No.1 & 4 and letter dated 04-12-2024 of Gujarat State Legal Services Authority cited at Sr. No. 3, the undersigned is pleased to Re-Constitute a Committees, as per Section 4 of "The Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act 2013" called "Inrernal Complaint Committee"to deal with the sexual Harassment, if any, of any women employee working on the establishment of Taluka Courts of District Devbhumi Dwarka as well as T.L.S.C.s of the District, and to nominate the following members in the internal complaint committee.

1. Taluka Court, Bhanvad

Sr. No.	Name & Designation	Designation in Committee	Contact No.	Email to register complaint
1	Mr. Prakhar Gautam, Principal Civil Judge, Bhanvad & Ex-offcio Chair Person of T.L.S.C., Bhanvad	Chair Person	8238710195	gautam.prakhar@aij.gov.in
2	Mrs. M. G. Karangiya, Assistant, Principal Civil Court, Bhanvad	Member	6351373718	
3	Ms. K. J. Abdulsamad, Advocate, Bhanvad	Member	9725075040	

2. Taluka Court, Kalyanpur

Sr. No.	Name & Designation	Designation in Committee	Contact No.	Email to register complaint
1	Mr. R. A. Chauhan, Principal Civil Judge, Kalyanpur & Ex-officio Chair Person of T.L.S.C., Kalyanpur	Chair Person	8866224435	chauhan.ra@aij.gov.in
2	Mr. K. K. Kanjariya, Nazir, Principal Civil Court, Kalyanpur	Member	8530164344	
3	Ms. J. J. Raghvani, Assistant Public Prosecutor, Kalyanpur	Member	828235462	

3. Taluka Court, Dwarka

Sr. No.	Name & Designation	Designation in Committee	Contact No.	Email to register complaint
1	Mr. A. A. Shaikh, Principal Senior Civil Judge, Dwarka & Ex-officio Chair Person of T.L.S.C., Dwarka	Chair Person	9714176198	abdulmajid@aij.gov.in
2	Ms S. G. Patel, Bailiff, Principal Senior Civil Court, Dwarka	Member	9173006792	
3	Ms. J. P. Pandya, Advocate, Dwarka	Member	9824857234	

4. Taluka Court, Okhamandal

Sr. No.	Name & Designation	Designation in Committee	Contact No.	Email to register complaint
1	Mr. V. P. Acharya, Principal Civil Judge, Okhamandal & Ex-officio Chair Person of T.L.S.C., Okhamandal	Chair Person	6359922882	vp.acharya@aij.gov.in
2	Ms. P. A. Advocate, Okhamandal	Member	9624333041	
3	Ms. S. K. Manek, Advocate, Okhamandal	Member	8866260026	

Note : *There is no any women Judicial Officer/Senior Level employee available at (1) Taluka Court, Bhanvad, (2) Taluka Courts, Dwarka, (3) Taluka Court, Kalyanpur and (4) Taluka Court, Okhamandal, who can be nominated as presiding officer of the commiittee as per Section 4.2 (a) of the POSH Act, 2013.*

The Internal Complaint Commiittees constituted for Taluka Courts shall strictly adhere to the guidelines as mentioned in the Judgement of the Hon'ble Supreme Court of India dated 12-05-2023 passed in Civil Appeal No. 2482 of 2014 in the matter of Aureliano Fernandes Vs. State of Goa and others and provisions of the Sexual Harassment of Women at workplace (Prevention, Prohibition & Redressal) Act, 2013.

The Internal Complaint Committees constituted for Taluka Courts are also requested to submit the report to this offfice of the complaint and action taken by them, in the first week of January of the following year in accordance with the Provisions of the Sexual Harrassment of Women Workplace (Prevention, Prohibition and Redressal) Act, 2013.

Devbhuimi Dwarka @ Khambhalia, 15th July, 2026.

S. G. Mansuri
I/c Principal District Judge,
Devbhumi Dwarka @ Khambhalia.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/વશી/બીલેશ્વર પુલ/૧૫૧૦-૧/૨૦૨૫, તા. ૧૬-૧૦-૨૦૨૫

(૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ, પોરબંદરના પત્ર ક્રમાંક : ડાયવર્ઝન/૨૦૩/૨૦૨૬, તા. ૧૫-૦૬-૨૦૨૬

સુધારા જાહેરનામું

નં. એમએજી/વશી/બીલેશ્વર પુલ/F-1302/૨૦૨૬.-અત્રેની કચેરીના વંચાણે લીધા-(૧) ના જાહેરનામાંથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૯૨૭(કે) રાણાવાવ-ભાણવડ-ખંભાળીયા રોડ પર આવેલ રાણાવાવ તાલુકાના બીલેશ્વર ગામ પાસે આવેલ મેજર બ્રીજ સીડી નં. ૧૪/૩ તથા તરસાઈના પાટીયા પાસે આવેલ સીડી નં. ૧૮/૪ બ્રીજ ખરાબ પરિસ્થિતીમાં હોવાથી આ માઈનોર બ્રીજ ઉપર એમ્બ્યુલન્સ, કાર અને દ્વિચક્રી વાહનો સિવાયના ભારે/મધ્યમ વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવવા અત્રેના તા. ૧૬-૧૦-૨૦૨૫ ના જાહેરનામાથી ઉકત બ્રિજની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

વંચાણે લીધા-(૨) થી ઉકત બંને બ્રીજો બિલેશ્વર મેજર બ્રીજ નં. ૧૪/૩ અને ભૂખરાનેશ માઈનોર બ્રીજ-૧૮/૧ ના હંગામી ડાયવર્ઝન ઉપરથી ભારે વાહનો, મોટી બસો, સરકારી બસો કે અન્ય વાહનો પસાર થઈ શકે તેમ હોઈ, જે બાબતે અત્રેની કચેરીના વંચાણે લીધા-(૧) તા. ૧૬-૧૦-૨૦૨૫ હેઠળના જાહેરનામામાં જરૂરી ફેરફાર સાથે જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. સદર દરખાસ્ત યોગ્ય જણાય છે.

સબબ, હું, એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ ઉકત બ્રીજો બિલેશ્વર મેજર બ્રીજ નં. ૧૪/૩ અને ભૂખરાનેશ માઈનોર બ્રીજ-૧૮/૧ ના હંગામી ડાયવર્ઝન ઉપર તમામ પ્રકારના વાહનો નીચે મુજબની શરતોને આધીન અવર જવર કરવા ફરમાવવામાં આવે છે.

શરતો :

- ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના સંજોગોમાં પુર જેવી સ્થિતી ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં કોઈ અકસ્માત ન સર્જાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના સંકલનમાં રહી નાયબ કાર્યપાલક ઈજનરેશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ, પોરબંદરએ સલામતિના તમામ પર્યાપ્ત પગલાઓ લેવાના રહેશે.
- આ સિવાય અત્રેના મુળ જાહેરનામાની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આજ રોજ તા. ૨૪-૦૬-૨૦૨૬ ના રોજ સુધારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૪ માહે જુન, સને ૨૦૨૬.

એસ. ડી. ધાનાણી
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/F-1154/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./દરખાસ્ત/૧૧૫૨/૨૦૨૬, તા. ૦૩-૦૬-૨૦૨૬ થી નેવલ એર એન્કલેવના જવાનો દ્વારા ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૧૦-૦૬-૨૦૨૬ થી તા. ૧૧-૦૬-૨૦૨૬ ના દિવસ-૦૨ (બે) માટે સમય ક. ૧૯-૦૦ થી ક. ૨૧-૩૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૦-૦૬-૨૦૨૬ થી તા. ૧૧-૦૬-૨૦૨૬ ના કુલ દિવસ-૦૨(બે) માટે સમય ક. ૧૯-૦૦ થી ક. ૨૧-૩૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉતર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજુ બાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૦૬-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૬ માહે જુન, સને ૨૦૨૬.

રેખાબા સરવૈયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/F-1335/૨૦૨૬.-પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતીના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય તેમજ ગુન્હાહીત કૃત્યમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૩-૦૬-૨૦૨૬ થી દરખાસ્ત કરેલ છે.

સબબ, પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું એ. ડી. મિયાત્રા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૯-૦૬-૨૦૨૬ થી તા. ૨૭-૦૭-૨૦૨૬ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળા કોઈ પણ જાતના છરી કે છરી જેવું હથિયાર વળે નહી તેવું, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવી છરી સાથે રાખી ફરવાની અથવા તેવી કોઈ બીજી ચીજ લઈ જવી નહી.

૨. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાથી અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને તેમા દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાનાં ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલ દરજ્જાના કોઈપણ પોરંબદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૯-૦૪-૨૦૨૬ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/F-૧૩૩૪/૨૦૨૬.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજિક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે અગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી

તા. ૨૨-૦૬-૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૫-૦૬-૨૦૨૬ થી તા. ૦૮-૦૭-૨૦૨૬ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સભા, સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૪-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૪ માહે જુન, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું જાહેરનામું

નં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/F-1259/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./દરખાસ્ત/૧૨૦૯/૨૦૨૬, તા. ૧૫-૦૬-૨૦૨૬ થી ઈન્ડીયન કોસ્ટગાર્ડના જવાનો દ્વારા ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૧૭-૦૬-૨૦૨૬ થી તા. ૧૯-૦૬-૨૦૨૬ ના દિવસ-૦૩ (ત્રણ) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૭-૦૬-૨૦૨૬ થી તા. ૧૯-૦૬-૨૦૨૬ ના કુલ દિવસ-૦૩(ત્રણ) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉતર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજુ બાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૧૬-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૬ માહે જુન, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું

નં.એમએજી/સી/મ.ચા.વે./જાહેરનામું/F-1246/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : LIB/જા.ના./નાગરિકતા/જાહેરનામું/૧૨૦૬/૨૦૨૬, તા. ૧૫-૦૬-૨૦૨૬ના પત્રથી અત્રેના જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓની નાગરીકતા વેરીફાઈ/ચોકકસાઈ કરવા અત્રેથી તા. ૧૮-૦૪-૨૦૨૬ થી જાહેરનામું બહાર પાડેલ તે જાહેરનામાની મુદત તા. ૧૮-૦૬-૨૦૨૬ ના રોજ પુર્ણ થઈ ગયેલ હોય નવું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

ગુજરાત રાજયમાં અલગ અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો પુર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રકિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજયની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

પોરબંદર જિલ્લામાં નાના-મોટા ઔદ્યોગિક એકમો આવેલ છે તથા અન્ય બાંધકામના કામોમાં તેમજ હાલમાં ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી મજુરી કામ કરાવતા હોય છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતિ તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી તમામ પરપ્રાંતિયો/કારખાના/ઔદ્યોગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા અથવા રહેતા તમામ પરપ્રાંતિય શ્રમિકો/કામદારોની નાગરિકતાની ખરાઈ કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી આવા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

આથી હુ એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની

કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંસ્થાઓમાં સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે સબંધિત પોલીસ સ્ટેશને માહિતી સાથે યાદી રજુ કરવા તથા વેરીફાઇ/ચોકસાઈ કરાવવા આથી હુકમ કરૂ છું.

સરકારી કચેરી/અર્ધસરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાને અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૨૦-૦૬-૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમને જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

પોરબંદર, ૧૬ માહે જુન, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/F-૧૨૧૯૮૦/૨૦૨૬.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજિક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે અગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૬-૦૭-૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૦-૦૭-૨૦૨૬ થી તા. ૨૩-૦૭-૨૦૨૬ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સભા, સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૮-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

વંચાણે લીધા : પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/પથિક જા.ના./દરખાસ્ત/૧૨૮૭/૨૦૨૬, તા. ૨૯-૦૬-૨૦૨૬.

જાહેરનામું

નં. એમએજી/વશી/પથિક સોફટવેર/૪૩૩૫૬૦/૨૦૨૬.-વંચાણે લીધા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના તા. ૨૯-૦૬-૨૦૨૬ થી 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફટવેર અંગેનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું તા. ૨૯-૦૪-૨૦૨૬ થી બહાર પાડેલ અને આ જાહેરનામાની મુદત તા. ૦૧-૦૭-૨૦૨૬ ના રોજ પુર્ણ થવાની હોય વધુ મુદત માટેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા છે.

સબબ, હું એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) પોરબંદર જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળા ખાતે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું. જેમાં અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફટવેર ઈન્સ્ટોલ કરાવી, રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ સોફટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) પોરબંદર જિલ્લાની તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના ધર્મશાળા ખાતે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેરમાં હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકે અવશ્ય કરવી.

(૩) આ જાહેરનામું પ્રસિધ્ધ થયે સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે એસ.ઓ.જી. શાખા (HMP કોલોની, બંગલા નં. ૦૩) પોરબંદર ખાતેથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકએ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ તાત્કાલિક મેળવી લેવાના રહેશે.

આ જાહેરનામું તા. ૦૩-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લઘંન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધી કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન, ગ્રામ પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયતના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/પરપ્રાંતીય-મજુર-નોંધણી/૪૩૩૭૦૫/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./પરપ્રાંતીય-મજુર-નોંધણી-૧૨૮૬/૨૦૨૬, તા. ૨૯-૦૬-૨૦૨૬ ના પત્રથી વર્તમાન સમયમાં બહોળા પ્રમાણમાં પરપ્રાંતીય મજુરો (ખેત મજુર, રસોઈયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) મજુરી અર્થે આવી જિલ્લામાં કામ આપનાર ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સને ત્યાં વસવાટ કરતા હોય છે. નજીકના ભુતકાળમાં જિલ્લામાં બનેલ લુંટ, ખુન તેમજ મિલકત સંબંધિત ગુન્હાઓમાં આરોપી તરીકે પરપ્રાંતીય મજુરોની સંડોવણી ખુલવા પામેલ છે. તેમજ વાર-તહેવારે વતનમાં જતી વખતે આવા ઈસમો અત્રેના વિસ્તારમાં મિલકત સંબંધિત ગુન્હાને અંજામ આપી તેમના વતન તરફ નાસી જતા હોય છે. તે જ પ્રમાણે પોતાના વતનમાં ગુન્હા કરીને નાસી આવી અત્રેના જિલ્લા ખાતે મજુર તરીકે કામના બહાને રહેતા હોય છે. આમ પરપ્રાંતીય મજુરોની રજીસ્ટરમાં નોંધણી થવાથી તે પૈકીના જે પરપ્રાંતીય મજુર ગુન્હેગાર છે તેમના સુધી પહોંચવામાં સરળતા રહે તે હેતુસર જિલ્લામાં રહેતા પરપ્રાંતીય મજુરોની નોંધણી તેમના વિસ્તારમાં લગતા પોલીસ સ્ટેશનમાં કરાવવામાં આવે તે ખાસ જરૂરી છે. હાલના પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા દેશના અન્ય રાજ્યોમાંથી પોરબંદર જિલ્લામાં મજુરી અર્થે આવેલ પરપ્રાંતીય મુજરોની સંખ્યા અને તેમના વતન સંબંધિત માહિતી મેળવવી અને જાળવણી ખુબ જ જરૂરી હોવાથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુન્હાઓ થતા અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું અમોને ઈષ્ટ જણાય છે.

સબબ, હું એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના તમામ ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગ વેપાર-ધંધા સાથે સંકળાયેલ માલિકોએ તેઓના યુનિટમાં કામ કરતા કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટ પર રાખેલ પરપ્રાંતીય મુજરો (ખેત મજુર, રસોઈયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) ની હકીકત દસ્તાવેજી પુરાવા સાથે નીચે મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવા અને તેની અમલવારી કરવા તથા તે અંગેની માહિતી આ જાહેરનામાંની તારીખથી દિવસ-૧૫ માં સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવા હુકમ ફરમાવું છું.

ક્રમ	પરપ્રાંતીય મજુરોને કામે રાખનાર ખેડુત/કંપની/કોન્ટ્રાકટરર્સ/કેટરર્સ/હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સની વિગત (નામ, સરનામું, મો.નં. તથા ઓળખના પુરાવા)	પરપ્રાંતીય મજુરનું પુરૂ નામ, સરનામું, મો.નં. અને ઓળખના પુરાવા સહિતની વિગત	પરપ્રાંતીય મજુરોના પરીવારના સભ્યોની વિગત (નામ, સરનામું, મો.નં. ઉ.વ. અને ઓળખના પુરાવા)	કોઈ મારફત આવી વ્યકિતને કામા રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ, સરનામું, મો.નં.	અગાઉ જે કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનું નામ, સરનામું, મો.નં. અથવા તેના ગામના સરપંચનું નામ, સરનામું, મો.નં.	સ્થાનિકમાં આવી રીતે કામે રાખેલ પરપ્રાંતીય મજુરના ઓળખીતા રહેતા હોય તો તેના નામ, સરનામા, મો.નં.	મજુરી કામે રાખેલ વ્યકિતના વતનનું પુરૂ સરનામું, પોલીસ સ્ટેશન તથા વતનમાં રહેતા માતા-પિતા, ભાઈ-બહેનની વિગત નામ, સરનામાં, મો.નં.	પરણિત હોય તો પત્નિ/પતિ તથા સાસુ-સસરાનું નામ, સરનામા, મો.નં.	કામે રાખેલ વ્યકિતની ઉંચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ તથા ઓળખી શકાય તેવી શારીરિક કોઈ નિશાની પૈકી શકય હોય તેટલી વિગતો	કયા પ્રકારના કામ માટે રાખવામાં આવેલ છે તેની વિગત	કઈ તારીખ કામે રાખવામાં આવેલ છે?	છુટા કર્યાની તારીખ (જો પરપ્રાંતીય મજુરોને છુટા કરવામાં આવે તો સંબંધિત પોલીસ સ્ટેશનને તાત્કાલિક જાણ કરવાની રહેશે.)
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

- ઉપરોકત કોલમ વાઈઝ રજીસ્ટરો પોતાને ત્યાં કામે રાખવામાં આવેલ તમામ પરપ્રાંતીય મજુર (ખેત મજુર, રસોઈયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) ની નોંધણી અગાઉ કરાવેલ હોય તેમ છતાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ ફરીથી ઉપર મુજબની માહિતી સાથે જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં કરાવવાની જવાબદારી તેમને કામે રાખનાર-ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ-સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ વિગેરેની રહેશે.
- આગામી સમયમાં આવા પરપ્રાંતીય મજુરો આવ્યેથી તેઓને કામા રાખનાર-ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ તથા અન્ય ધંધા સાથે સંકળાયેલા માલિકે ઉપર દર્શાવ્યા મુજબની માહિતી દિન-૦૭ સુધીમાં ફરજીયાત સબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ જાહેરનામું તા. ૦૩-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર દ્વારા આ હુકમ પોરબંદર જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી અર્થે સમગ્ર જિલ્લામાં જાહેર જનતા જોઈ શકે તેવા વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવેલ તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો મારી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/વશી/૪૩૩૬૪૩/૨૦૨૬.-પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેલીજન્સ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧, તા. ૦૧-૧૧-૨૦૨૧ થી અત્રેના શહેર/જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટ્રોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ માહિતી અત્રે મોકલેલ છે. જેમાં પોરબંદર જિલ્લાના ૨૨-ઝોન પૈકી ૭-રેડ ઝોન, ૧૫-યલો ઝોન જાહેર કરેલ છે. ઉકત માહિતી અન્વયે અત્રેના શહેર/જિલ્લાના ઈન્સ્ટ્રોલેશનને રેડ ઝોન, યલો ઝોનમાં વિભાજીત કરેલ સંકલિત માહિતી શહેર જિલ્લા વાઈઝ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરી સદર માહિતીને ડીજી સ્કાય એપમાં અપલોડ કરવાની કાર્યવાહી કરવા અત્રે સૂચના થઈ આવેલ હોય અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/વશી/૩૪૪૫૨૦/૨૦૨૬, તા. ૨૯-૦૪-૨૦૨૬ થી જાહેરનામું બહાર પાડેલ. જેની મુદત તા. ૦૧-૦૭-૨૦૨૬ ના રોજ પુર્ણ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર પત્ર ક્રમાંક : એલઆઈબી/ડ્રોન કેમેરા/જાહેરનામું/૧૨૮૫/૨૦૨૬, તા. ૨૯-૦૬-૨૦૨૬ થી અત્રેના શહેર/જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટ્રોલેશન્સને રોડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ માહિતી અન્વયે અત્રેના શહેર/જિલ્લાના ઈન્સ્ટોલેશનને રેડ ઝોન, યલો ઝોનમાં વિભાજીત કરેલ સંકલિત માહિતી અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવાના કામે દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, હું એ. ડી. મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લાના સામેલ પરિશિષ્ટ-૧ મુજબના વિસ્તારોને રેડ ઝોન અને યલો ઝોન જાહેર કરવા ફરમાવું છું. તેમજ વિશેષમાં રેડ ઝોન વિસ્તારમાં ડ્રોન (યુ.એ.વી.) નો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું અને યલો ઝોનમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર ડ્રોન (યુ.એ.વી.) નો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ Office of the Director General of Civil Aviation ના પત્ર ક્રમાંક : 05-13/2014-AED-Vol.IV, dt. 27-08-2018 માં દર્શાવેલ જોગવાઈઓની અમલવારી કરવા ફરમાન કરૂ છું.

આ જાહેરનામું તા. ૦૩-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૦૮-૨૦૨૬ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લઘંન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરી કરવાની રહેશે.

આજ તા. ૦૧-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૬.

Sr. No.	Unit Sr. No.	Name of Place	Full Postal Address	Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
1	2	3	4	5	6	7	8	9
2133	1	District Court Porbandar	Sandipani Road, Porbandar	c	Yellow	21.6355161N	69.6152806E	100 mtr distance from perimeter
2134	2	SP Office Porbandar	Wadia Road Near Old Fountain Porbandar, Pincode-360575	m	Yellow	21.634882N	69.615362E	100 mtr distance from perimeter
2135	3	Collector Officer Porbandar	Jilla Seva Sadan-1 Porbandar Airport Area Pin Code-360577	m	Yellow	21.644945N	69.655998E	100 mtr distance from perimeter
2136	4	Bhadar Bridge Porbandar	Chikasha Road Porbandar	m	Yellow	21.454753N	69.797307E	50 mtr distance from both the sides and ends
2137	5	ST Bus Station	Near Chowpati Porbandar	m	Yellow	21.6352209N	69.6152977E	100 mtr distance from perimeter
2138	6	Railway Station	Svp Road Porbandar	m	Yellow	21.6352193N	69.6153028E	50 mtr distance from perimeter
2139	7	Hari Mandir Porbandar	Sandpani Ashram Porbandar Pin Code-360577	g	Yellow	21.641314N	69.600920E	100 mtr distance from perimeter
2140	8	Kirtimandir Porbandar	Kasturba Road, Porbandar Pincode-360575	g	Yellow	21.641314N	69.600920E	100 mtr distance from perimeter
2141	9	Bhavsinhji Hospital	Hospital Road, Porbandar	m	Yellow	21.6352208N	69.6152989E	100 mtr distance from perimeter
2142	10	Special Jail	Opp. M. D. Science College Kamlabaug Porbandar	m	Red	21.63352200N	69.6152981E	250 mtr distance from perimeter
2143	11	All Weather Port	Subhas Nagar Porbandar	j	Red	21.6351012N	69.6155474E	2 km distance from perimeter
2144	12	Light House	Behind DHQ-1, Porbandar	m	Yellow	21.635121N	69.6155403E	100 mtr distance from perimeter

Sr. No.	Unit Sr. No.	Name of Place	Full Postal Address	Remmendatoin as per point no. 4 of SOP of MHA Date 16-12-2016	Recommended Zone (Red/ Yellow)	Latitude	Longitude	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
1	2	3	4	5	6	7	8	9
2145	13	66 KV Vishavada	Vishavada Porbandar	j	Red	21.6348764N	69.6157049E	100 mtr distance from perimeter
2146	14	Ims Petrogas (Super Gas)	Jawar Village Porbandar Pincode-360575	j	Red	21.6352597N	69.6150160E	100 mtr distance from perimeter
2147	15	Khambhada Dam	Ranavav Barda Hills	m	Yellow	21.635228N	69.6153126E	2 km distance from perimeter
2148	16	Water Treatment Plants	Porbandar Somnath High Way Near Rajvi Resot	j	Yellow	21.6352202N	69.6153005E	100 mtr distance from perimeter
2149	17	Civil Airport Porbandar	Nh 27 Porbandar Highway Airport Area Pincode-360575	e	Red	21.6477706N	69.661169E	3 km distance from perimeter
2150	18	Naval Base Bokhira	Ins Sardar Patel Naval Base Bokhira Pincode-360575	m	Red	21.672166N	69.604655E	3 km distance from perimeter
2151	19	District Coast Guard HQ-01 Porbandar	Coast Guard DHQ-01 Near RTG College Porbandar Pincode-360575	m	Red	21.626508N	69.618278E	100 mtr distance from perimeter
2152	20	Police Head Quarter Porbandar	Old Gountain, Police Head Quarter Porbandar Pin Code-360575	m	Yellow	21.63405N	69.612330E	100 mtr distance from perimeter
2153	21	Saurashtra Cement Ltd. Porbandar	Near Ranavav Railway Station Pin Code-360575	m	Yellow	21.701841N	69.720995E	100 mtr distance from perimeter
2154	22	Saurashtra Chemicals	P. O. Birla Sagar, Porbandar Pin Code-360575	m	Yellow	21.624362N	69.624592E	100 mtr distance from perimeter

પોરબંદર, ૦૧ માહે જુલાઈ, સને ૨૦૨૬.

એ. ડી. મિયાત્રા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં. ૧૫૫૭/(૨/૧)/જા.ના./મોબાઈલ લે-વેચ/૨૦૨૬.-ભાવનગર જિલ્લામાં હાલના સમયમાં નવા તથા જુના મોબાઈલ ફોનનું ખરીદ-વેચાણ કરતા વેપારીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયેલ છે, આ પ્રકારના ફોનની લે વેચ સબંધીત હકીકતના રેકોર્ડની નિભાવણી દુકાનદારો દ્વારા કરવામાં આવતી નથી. જેથી ચોરી થયેલ મોબાઈલની હેરફેર અટકાવવા અને ગુન્હાખોરીમાં સંડોવાયેલા ઈસમો સુધી પહોંચવું પડકારજનક થઈ જાય છે, જે માટે મોબાઈલના વેચાણ અને ખરીદનો ચોકકસ ડેટા ઉપલબ્ધ હોવો અત્યંત આવશ્યક છે. હાલમાં ઘણા વેપારીઓ દ્વારા ગ્રાહક કે મોબાઈલના મૂળ માલીકની ઓળખની ચકાસણી કર્યા વગર તેમજ કોઈ રેર્ડ કે કાયમી રજીસ્ટર નિભાવ્યા વગર જ મોબાઈલનું ખરીદ-વેચાણ કરવામાં આવે છે, જેના કારણે ગુન્હાના મુળ સુધી પહોંચવામાં મુશ્કેલી પડે છે.

દુકાનદારો દ્વારા મોબાઈલ લે-વેચ કરવા માટેના કાયમી રજીસ્ટર નિભાવવામાં આવે તો ગુમ થયેલ કે ચોરી થયેલ ફોનની માહિતી પ્રસ્થાપીત કરી શકાય, જેથી નવા અને જુના મોબાઈલનું દુકાનદારો દ્વારા કાયમી રજીસ્ટર નિભાવવામાં આવે તો સુરક્ષા સબંધીત પરીબળોને વધુ પ્રબળ બનાવી શકાય તેમ છે. ઉક્ત તમામ વિગતો ધ્યાને લઈ ભાવનગર જિલ્લામાં જુના-નવા મોબાઈલ લે-વેચ કરતા તમામ દુકાનધારકોએ જુના-નવા મોબાઈલ લે-વેચ કરવા માટે કાયમી રજીસ્ટર નીભાવવામાં આવે તે અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામા/દરખાસ્ત/૨૬૬૦/૨૬, તા. ૨૩-૦૬-૨૦૨૬ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભાવનગર જિલ્લામાં જુના-નવા મોબાઈલ લે-વેચ કરતા તમામ દુકાનધારકોએ જુના-નવા મોબાઈલ લે-વેચ કરવા માટે નીચે મુજબના કાયમી રજીસ્ટર ફરજીયાતપણે નીભાવવા માટ'' જાહેર કરૂ છું.

નવા મોબાઈલ માટે દુકાનદાર ડિલરોને નિભાવવાના થતાં રજિસ્ટરો

અ. નં.	ગ્રાહકનું નામ	મોબાઈલ નં.	સરનામું	મોબાઈલ બ્રાન્ડ	મોડલ	IMEI	કિંમત	ચુકવણીની રીત (ઓનલાઈન/રોકડા)	કિંમત	દુકાનદારની સહિ	ગ્રાહકની સહી

જુના મોબાઈલ માટે દુકાનદાર ડિલરોને નિભાવવાના થતાં રજિસ્ટરો

અ. નં.	વેચાનાર ગ્રાહકનું નામ	વેચનાર ગ્રાહકનો મોબાઈલ નં.	વેચનારનું સરનામું	પુરાવો (આધાર/પાન કાર્ડ નં.)	ખરીદનારનું નામ	ખરીદનારનો મો.નં.	ખરીદનારનું સરનામું	પુરાવો (આધાર/પાન કાર્ડ નં.)	મોબાઈલ બ્રાન્ડ	મોડલ	IMEI	કિંમત	દુકાનદારની સહિ	ખરીદનારની સહિ	વેચનાર ગ્રાહકની સહિ

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં. ૧૫૫૭/(૨/૧)/જા.ના./વાહન લે-વેચ/૨૦૨૬.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ અગાઉ પહલગામ, દિલ્લી ખાતે ફોર-વ્હીલરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ, પંજાબ રાજયના પઠાણકોટ, ગુરૂદાસપુર ખાતે તેમજ ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા બિહાર રાજયના પટના અને બૌધ્ધ ગયા, અમદાવાદ, મોડાસા, બેંગલોર, દિલ્હી અને ચેન્નઈ શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મીલકતોને નુકશાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાના સાધન સામગ્રી મળી આવેલ હતી જે જોતા આંતકવાદી/ત્રાસવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો/ટુ-વ્હીલર/ફોર-વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડ ભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો/ટુ-વ્હીલર/ફોર-વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ. જેથી સાયકલો, સ્કુટર/ટુ વ્હીલર/મોટર સાયકલ/ફોર-વ્હીલર જેવા વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોંચી શકાય છે. આથી સાયકલો/ટુ વ્હીલર/ફોર-વ્હીલર વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષના પરીપ્રેક્ષમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

ભાવનગર જિલ્લા ખાતે જુના તથા નવા વાહનોની લે-વેચ કરતાં દુકાનદારો તથા ડિલરો દ્વારા ફરજીયાતપણે કાયમી રજીસ્ટર નીભાવવામાં આવે તે અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. LIB/જાહેરનામું/વાહન/લે-વેચ/૨૬૫૭/૨૦૨૬ તા. ૨૩-૦૬-૨૦૨૬ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર જિલ્લામાં જુના-નવા વાહન લે-વેચ કરતા તમામ દુકાનધારકોએ જુના-નવા વાહન લે-વેચ કરવા માટે નીચે મુજબના કાયમી રજીસ્ટર ફરજીયાતપણે નીભાવવા માટે જાહેર કરૂ છું.

નવા વાહનોની લે-વેચ કરતાં દુકાનદારો તથા ડિલરોને નિભાવવાના થતાં રજિસ્ટર

અ. નં.	વાહન ખરીદનારનું નામ	મો. નં.	સરનામું	પુરાવો (આધાર/ પાન કાર્ડ નં.)	વાહનનો પ્રકાર	વાહન રજીસ્ટર નં.	વાહન મોડેલ વર્ષ/ કલર	એન્જીન નં.	ચેસીસ નં.	વાહન માલિક દ્વારા એજન્ટને આપેલ વાહનની સંખ્યા/તારીખ	વાહન માલિકની સહિ/વાહન લેનારની સહિ

જુના વાહનોની લે-વેચ કરતા દુકાનદારો તથા ડિલરોને નિભાવવાના થતાં રજિસ્ટર

અ. નં.	વાહનલ માલિક તથા વેચનારનું નામ	મો. નં.	સરનામું	પુરાવો (આધાર/ પાન કાર્ડ નં.)	વાહનનો પ્રકાર	ખરીદનારનો મો.નં.	વાહન રજીસ્ટર નં.	વાહન મોડેલ વર્ષ/કલર	એન્જીન નં.	ચેસીસ નં.	વાહન માલિક દ્વારા એજન્ટને આપેલ વાહનની સંખ્યા/તારીખ	વાહન માલિકની સહિ/વાહન લેનારની સહિ	ખરીદનારની સહિ	વેચનાર ગ્રાહકની સહિ

તેમજ ભાવનગર જિલ્લા વિસ્તારમાં નવા તથા જુના વાહનો વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જયારે નવા તથા જુના વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૧) નવા તથા જુના વાહનો ખરીદનારાને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે નગરપાલીકા કોર્પોરેટર, ધારા સભ્યશ્રી, સંસદ સભ્યશ્રી કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વાહનોના વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદદારનું પુરૂ નામ, સરનામું સંપર્ક માટે ટેલિફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણકર્તાએ વેચાણ બીલમાં વાહનનો ફેમ નંબર, ચેસીસ નંબર, એન્જીન નંબર અવશ્ય લખવો.

(૫) વાહન વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

(૬) વાહન ખરીદનારના નામે વાહન તબદીલ કરવા RTO કચેરી ખાતે જરૂરી ફોર્મમાં અરજી કરી તે અંગેની કાર્યવાહી વાહન વેચનારે વાહન વેચાણના દિન-૧૫માં વાહનની બિનચુક તબદીલી થાય તે રીતે કરવાનો રહેશે.

(૭) વાહન લે-વેચ કરે ત્યારે વેચનાર વ્યકતીની ઉપર મુજબની વિગતે માહિતી તેમજ ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૯-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૯ માહે જુન, સને ૨૦૨૬.

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં. ૧૪૪૦/(૨/૧)/જા.ના./શ્રમિક ઓળખ/૨૦૨૬.-ભાવનગર જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારી અર્થે શ્રમિકો/ કારીગરો/કર્મચારીઓ દેશ/રાજય/જિલ્લા બહારથી મોટી સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામમાં, પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં શ્રમિક તરીકે જિલ્લામાં આવે છે જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. અમુક કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર

ગુન્હાઓ આચરી અન્ય જિલ્લામાં આશરો લેતા હોય છે અને આવા શ્રમિકોના ટુંકા નામ સિવાય માલિક પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી. જેથી આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યમાં કોઈ ગુન્હેગાર ગુન્હો કરી નાસી જાય તેવા સંજોગોમાં વ્યકિતની ચોકકસ ઓળખ પ્રસ્થાપિત થવી આવશ્યક જણાય છે. ઉપરાતં પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા દેશની આંતરિક સુરક્ષા માટે પણ આ બાબત યોગ્ય અને ઈચ્છનીય નથી. જેથી શ્રમિકોનું નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય તે સુનિશ્ચિત કરવુ ખુબ જ જરૂરી જણાય છે. જેથી ભાવનગર જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલ.આઈ.બી/જાહેરનામુ/શ્રમિક/૨૬૫૮/૨૬, તા. ૨૩-૦૬-૨૦૨૬ થી નીચેની વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

૧. તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ઉદ્યોગો, હીરા ઉદ્યોગ, ખેતી તથા અન્ય ફેકટરી ઉદ્યોગો, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, શ્રમિકો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/શ્રમિકોની હકીકત તૈયાર કરી ''પત્રક-એ''ના કોલમની વિગતો પ્રમાણેની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૭ માં આપવાની રહેશે. સદરહું શ્રમિકો/કારીગરોની માહિતીનું નોંધણી નંબર સહિતનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને જયારે પણ પોલીસ વિભાગ દ્વારા શ્રમિકો બાબતેની માહિતી ચકાસણી કરવા સારૂ માંગવામાં આવે ત્યારે માહિતી પુરી પાડવાની રહેશે.

પત્રક-એ

અ. નં.	પેઢીના માલિક/ ખેડૂતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલિકના મોબાઈલ તથા ધંધાનાના સ્થળના ટેલીફોન નં.	કામે રાખેલ કર્મચારી/ કારીગર/ શ્રમિક/ ભાગીયાનું પુરૂં નામ, ઓળખ, ચિન્હ હાલનું સરનામું તથા મોબાઈલ નં.	કર્મચારી/ કારીગર/ શ્રમિક ભાગીયાના મૂળ વતનનું પુરૂ સરનામું તથા વતનના ટેલીફોન નં.	કર્મચારી કારીગર/ શ્રમિક ભાગીયાને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/શ્રમિક ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલિકનું પુરૂ નામ, સરનામુ, ટેલીફોન નં./ મોબાઈલ નં.	કર્મચારી/કારીગર/ શ્રમિક ભાગીયા કોના રેફરન્સ/ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં./ મોબાઈલ નં.	કર્મચારી કારીગર/ શ્રમિક ભાગીયાના બે થી ત્રણ સગા સંબંધિતોના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહિતના) તથા ટેલીફોન નં./મોબાઈલ નં.	કર્મચારી/ કારીગર/ શ્રમિક/ ભાગીયાનો ફોટો	હથીયાર ધરાવતા હોય તો તેની વિગત
1	2	3	4	5	6	7	8	9	10

૨. સ્થાનિક/જિલ્લા બહારના/રાજય બહારના/દેશ બહારના કોઈ પણ વ્યકિતને મિલ્કત જેવી કે, મકાન, દુકાન, ગોડાઉન, ઔદ્યોગિક એકમો, ઓફીસ, કોલ્ડ સ્ટોરેજો, શેડ ખુલ્લા પ્લોટ વગેરે રહેઠાણ/વ્યાપાર/કોમર્શીયલ હેતુ માટે ભાડા પટ્ટે આપવામાં આવે ત્યારે મિલ્કત ભાડે અપાવનાર/અપાવનાર સંચાલક/દલાલ અને મિલ્કત માલિક સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને ભાડે આપી શકશે નહી, ભાડે આપેલ મિલ્કત અંગે માહિતી સંબંધી પોલીસ સ્ટેશનમાં ''પત્રક-બી'' મુજબ દિન-૭ માં આપવાની રહેશે.

પત્રક-બી

ક્રમ	મિલ્કત માલીકનું નામ તથા રહેઠાણનું સરનામું	જે મિલ્કત ભાડે આપેલ હોય તે મિલ્કતનું નામ તથા સરનામું, બાંધકામ/જગ્યાની વિગત (ચો.મી.)	મિલ્કત ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડુ	મિલ્કત ભાડે રાખનાર વ્યકિતના નામ, સરનામા, ફોન નં., ફોટા, ઓળખકાર્ડ, ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ વિ.	મિલ્કત ભાડે રાખનાર મુળ કયાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યકિતના નામ, સરનામા તથા ફોન નંબર	મિલ્કત માલીક અને ભાડુઆત તરીકે સંપર્ક કરાવનાર એજન્ટ/દલાલનું નામ સરનામું/ફોન નંબર
1	2	3	4	5	6	7

૩. ઘરઘાટી અંગેની માહિતી ''પત્રક-સી'' તથા ખેત શ્રમીક/ભાગીયા અંગેની માહિતી ''પત્રક-ડી'' મુજબ સંબંધીત પોલીસ સ્ટેશનમાં દિન-૭ માં આપવાની રહેશે.

પત્રક-સી

ક્રમ	ઘરઘાટી કે ચોકીદાર તરીકે કામ કરનાર શ્રમીક/ચોકીદારનું નામ તથા રહેણાંકનું સરનામું	જેને કામે રાખનાર માલીકનું નામ તથા સરનામું તથા મો.નં.	કામે રાખ્યાની તારીખ	કામે રહેનાર ઘરઘાટી કે ચોકીદારનું ઓળખકાર્ડ/ ચુંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાઈસન્સનો પુરાવો	કામે રહેનાર ઘરઘાટી કે ચોકીદારનું મુળ કયાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યકિતના નામ, સરનામા તથા ફોન નંબર	ઘરઘાટી કે ચોકીદારની ઓળખાણ આપતા હોય તેવા બે વ્યકિતઓના નામ સરનામું/ફોન નંબર
1	2	3	4	5	6	7

પત્રક-ડી

ક્રમ	ખેત શ્રમીક, ભાગીયા તરીકે કામ કરનારનું નામ તથા રહેઠાણનું સરનામું	ખેડુતનું નામ તથા સરનામું તથા મો.નં.	કામે રાખ્યાની તારીખ	કામે રહેનાર ખેત શ્રમીક, ભાગીયાનું ઓળખકાર્ડ/ ચુંટણીકાર્ડ/ડ્રાઇવીંગ લાઇસન્સનો પુરાવો	કામે રહેનાર ખેત શ્રમીક, ભાગીયાનું મુળ કયાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યકિતના નામ, સરનામા તથા ફોન નંબર	ખેત શ્રમીક, ભાગીયાની ઓળખાણ આપતા હોય તેવા બે વ્યકિતઓના નામ સરનામું/ફોન નંબર
1	2	3	4	5	6	7

મુકિત :

ભાવનગર જિલ્લામાં આવેલ સરકારી કચેરી/અર્ધ સરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના અધિકારી/ કર્મચારીઓને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાંઆવે છે.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિકારીશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મુદ્દત :

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના નોટીસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે.

આજ તા. ૨૫-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૫ માહે જુન, સને ૨૦૨૬.

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં. ૨૪૨/(૨/૧)/મકાન ભાડે જા.ના./૨૦૨૬.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક ભુતકાળના બનાવોથી જણાય છે કે ત્રાસવાદી તથા ગુનેગાર તત્વો/ઈસમો વિવિધ વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને જાહેર સંપતિને નુકશાન પહોંચાડે તેવી શકયતાઓ રહેલી છે. તેમજ આગામી દિવસોમાં રથયાત્રા, મહોરમ, સાતમ-આઠમ જેવા તહેવારો આવનાર હોય, આ તહેવારો દરમ્યાન આતંકવાદીઓ તથા ગુનેગારો અન્ય શહેર, રાજય કે દેશમાંથી આવી કોઈ સ્થાનિક વ્યકિતના માલિકીના મકાન ભાડે રાખીને તેમજ ભાવનગર જિલ્લામાં આવેલ વિવિધ ઈન્ડસ્ટ્રીઝમાં લેબર તરીકે મજુરી કામ કરી સ્થાનિક જગ્યા વિગેરેનો સર્વે/રેકી કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તથા ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવાની શકયતા નકારી શકાય નહિ, જેથી ભાવનગર જિલ્લામાં જાહેર સલામતી અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો નિયમિતરૂપે તેઓના માલિકીના મકાનમાં ભાડે રહેતા ઈસમો/વ્યકિતઓ અંગેની માહિતી સંબંધિત સ્થાનિક પોલીસ સ્ટેશનને જણાવે તે ખુબ જ હિતાવહ છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/મકાન-ભાડે/૨૬૫૯/૨૦૨૬, તા. ૨૩-૦૬-૨૦૨૬ થી મકાન માલિકો દ્વારા મકાન ભાડે આપવામાં આવે ત્યારે આ અંગેની માહિતીનું નિયત ફોર્મ સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવામાં આવે તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત અનુસારનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ભાવનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિતઓએ પોતાના હસ્તકના મકાનો ભાડે આપતા પહેલા આવા મકાન તથા ભાડુઆતોના નામ/સરનામાની વિગતો નીચેના નમુનામાં સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ પણ વ્યકિતને તેઓ હસ્તકના મકાન ભાડેથી નહિ આપવા ફરમાવુ છું.

નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત/ કયાં વિસ્તારમાં/યો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ	મકાન કયારે ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું?	જે વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ/સરનામા/ ફોટા/પાસપોર્ટ/ડ્રાઇવીંગ લાયસન્સ/પાનકાર્ડ પુરાવારૂપે સાથે આપવા	મકાન માલિકોને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ/સરનામા/ફોટા/પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાયસન્સ/પાનકાર્ડ પુરાવારૂપે સાથે આપવા

આ જાહેરનામું સમગ્ર ભાવનગર જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરો/ગામોના મકાન માલિકોને લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જિલ્લાના તમામ શહેરો/ગામોના મુખ્ય વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તા. ૨૫-૦૬-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૫ માહે જુન, સને ૨૦૨૬.

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૫૪૮/(૧/૧૧)/મહોરમ/સુ.જાહેરનામું/૨૬.- અત્રેના તા. ૧૨-૦૬-૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક : નં.ડીએમ-૧/ફા.નં.૧૫૪૮/(૧/૧૧)/મહોરમ/જાહેરનામું ૨૬ થી તા. ૨૬-૦૬-૨૦૨૬ ના ૧૮-૦૦ કલાકથી તા. ૨૭-૦૬-૨૦૨૬ના ૦૫-૦૦ કલાક સુધી ભાવનગર શહેરના કેટલાક રસ્તાઓને એકમાર્ગીય જાહેર કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરંતુ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/૫-એમએ/૨૩૬૬-૧/૨૦૨૬ તા. ૧૯-૦૬-૨૦૨૬ થી ભાવનગર તાજીયા કમીટી/મુસ્લિમ સમુદાય દ્વારા તાજીયા/મહોરમ તહેવારની ઉજવણી તા. ૨૫-૦૬-૨૦૨૬ તથા તા. ૨૬-૦૬-૨૦૨૬ ના રોજ નક્કી થયેલ હોય આગામી તા. ૨૫-૦૬-૨૦૨૬ તથા તા. ૨૬-૦૬-૨૦૨૬ ના રોજ મહોરમ/તાજીયાનો તહેવાર દરમ્યાન ભાવનગર શહેરમાં કેટલાક રસ્તાઓ ઉપર ટ્રાફીક નિયમન કરવું જરૂરી હોય, જેથી આ રસ્તાઓ ઉપર તા. ૨૫-૦૬-૨૦૨૬ના કલાક ૧૮-૦૦ થી તા. ૨૬-૦૬-૨૦૨૬ સુધી રસ્તાઓ એકમાર્ગીય કરવાનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભાવનગર શહેરના નીચે જણાવેલ રસ્તાઓને તા. ૨૫-૦૬-૨૦૨૬ ના કલાક ૧૮-૦૦ થી તા. ૨૬-૦૬-૨૦૨૬ સુધી એકમાર્ગીય જાહેર કરૂ છું.

રસ્તાઓ :

(૧) ભાવનગર શહેરનાં હેરીસ રોડનાં નાકાથી શેલારશા ચોક, સંઘેડીયા બજાર થઈને અલકા ટોકીઝ સુધી.

(૨) અલકા ટોકીઝથી વડવા તલાવડી ચોક થઈ ચાવડી ગેઈટથી બાપુની વાડી પાવર હાઉસ સુધી.

(૩) વાસણઘાટથી શેરાલશા ચોક અને મીની ગેસ્ટ હાઉસ સુધી.

(૪) ખારગેટ ચોકથી મામાકોઠા અને બાર્ટન ચોકથી હલુરીયા ચોક સુધી.

(૫) સંતકંવરરામ ચોકથી કેસરબાઈની મસ્જીદ થઈ હલુરીયા ચોક સુધી.

(૬) એસ.પી. કચેરી સામે રોડથી નવાપરા રણવીર હનુમાનજી મંદીર થઈ મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૭) જોગીવાડની ટાંકીથી રૂપાપરી રોડ બાર્ટન લાયબ્રેરી ચોક સુધી.

(૮) ખડપીઠ મોર્ડન સર્વીસ સ્ટેશનથી નવાપરા ચોક, એસ.પી. કચેરી રોડ, રણવીર હનુમાનજી મંદિર સુધી.

(૯) શેલારશા ચોકથી આંબાચોક હેરીસરોડના નાકા સુધી સંપુર્ણ વાહન વ્યવહાર બંધ.

(૧૦) પારસીની અગીયારીથી મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૧૧) દિપક ચોકથી વીમાના દવાખાના સુધી, તાજીયાના રૂટ પર સામેથી મોટા વાહનો ચલાવવા પર પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામામાંથી પોલીસ ડીપાર્ટમેન્ટ, મહેસુલ ખાતુ, પી.જી.વી. સી.એલ., ફાયરબ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા આવશ્યક સેવા અંગેનો વાહનોને મુકિત આપવામાં આવે છે.

સદરહું જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૨૪-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૪ માહે જુન, સને ૨૦૨૬.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૮૪૮/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારી અર્થે મજુરો/કારીગરો/કર્મચારીઓ/દેશ/રાજ્ય/જિલ્લા બહારથી મોટી સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામમાં, પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે જિલ્લામાં આવે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. અમુક કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી અન્ય જિલ્લામાં આશરો લેતા હોય અને આવા મજુરોના ટુકા નામ સિવાય માલિક પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી જેથી આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યમાં કોઈ ગુન્હેગાર ગુન્હો કરી નાસી જાય તેવા સંજોગો માટે વ્યકિતની ચોકકસ ઓળખ પ્રસ્થાપિત થવી આવશ્યક જણાય છે. ઉપરાંત પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા દેશની આંતરીક સુરક્ષા માટે પણ આ બાબત યોગ્ય અને ઈચ્છનીય નથી.

જેથી તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામા/સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ/સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, બોટાદને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી. તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથઈ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

(૭) બહારના રાજય/દેશમાંથી રોજગારી અર્થે આવતા શ્રમિકો/કામદારો રોજગારી મેળવનારની નાગરિકતા અંગેની ચકાસણી કરીને તે અંગેના જરૂરી તમામ આધાર પુરાવા/દસ્તાવેજ/આઈ.ડી.પ્રુફ રોજગારી આપનારે ફરજીયાત પણે રજીસ્ટર બનાવી તેમાં સુવાચ્ય અક્ષરે નોંધ કરી નિયમિતપણે નીભાવવાનું રહેશે.

- આ હુકમ તા. ૦૯-૦૫-૨૦૨૬ થી તા. ૦૭-૦૭-૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.
- આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર બનશે.
- આ હુકમ અન્વયે બોટાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ : ૦૫-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ.

બોટાદ, ૦૫ માહે મે, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૮૫૪/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ મે-૨૦૨૬ તથા જુન-૨૦૨૬ ના માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતિ જાળવવા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં

તા. ૦૯-૦૫-૨૦૨૬ થી તા. ૦૮-૦૬-૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત)

(ક) કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

૧(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની

(ચ) લોકોએ ભુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૫-૦૫-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૫ માહે મે, સને ૨૦૨૬.

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૧૯૧/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોકો દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૭-૦૬-૨૦૨૬ થી તા. ૧૧-૦૭-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસૂચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૩-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૨૩ માહે જુન, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૧૨૪૯/૨૦૨૬.-બોટાદ જિલ્લામા ચોરીઓના બનાવ અવાર-નવાર બનતા હોય, જે બનાવોમાં ઘણા કિસ્સાઓમાં ચોરી કરનાર ઈસમો ચોરેલી ચીજવસ્તુઓ ભંગારની લે-વેચ કરતાં વેપારીઓને સસ્તા ભાવે વેચી દેતા હોય છે અને તપાસ દરમિયાન ભંગારનો લે-વેચનો ધંધો કરતાં વેપારીઓનો સંપર્ક કરતાં ભંગારની લે-વેચ કરતાં વેપારીઓ પાસે ભંગાર વેચવા આવેલ કે, ખરીદ કરનારની કોઈ વિગત મળતી નથી કે, તેઓ દ્વારા આવા કોઈ રજીસ્ટરો નિભાવવામાં આવતા નથી. જેથી ચોરી કરનાર ગુન્હેગારો સુધી પોલીસ સહેલાઈથી પહોંચી શકતી નથી. જેથી બોટાદ જિલ્લામાં આવા ભંગારની લે-વેચ કરતાં વેપારીઓએ ભંગાર વેચવા આવનાર તેમજ ખરીદ કરવા આવનાર વ્યક્તિના નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ સાથેની સંપુર્ણ વિગત દર્શાવતુ રજીસ્ટર રાખવુ જરૂરી છે. જેથી પોલીસ વિભાગને જરૂર પડે ત્યારે સંપુર્ણ વિગત મળી રહે અને આરોપી સુધી સહેલાઈથી પહોંચી શકાય, જેથી બોટાદ જિલ્લા વિસ્તારમાં ભંગારની લે-વેચ કરતાં વેપારીઓએ નમુના મુજબનું કોલમ વાઈઝ રજીસ્ટર નિભાવવામા આવે તે જરૂરી છે.

પોલીસ અધિક્ષકશ્રી બોટાદનાં તા. ૨૯-૦૬-૨૦૨૬નાં પત્ર નં. SOG/જાહેરનામું/ભંગાર લે વેચ/૫૭૭/૨૦૨૬થી ઉકત બાબતે જરૂરી જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત અત્રેને કરેલ છે.

આથી હું પી.એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂ એ હુકમ કરૂ છું કે, બોટાદ જિલ્લામાં ભંગારનો લે વેચ કરતા વેપારીઓએ નીચે મુજબનું રજીસ્ટર ફરજીયાત નિભાવવાનું રહેશે તથા ભંગારની લે વેચ કરતાં ખરીદનાર તથા વેચનાર વ્યક્તિનાં નામ, સરનામા તથા આઈ.ડી. પ્રુફ મેળવી પોતાની પાસે રાખવાના રહેશે અને યોગ્ય સત્તાધિકારી અથવા પોલીસ અધિકારી જોવા માગે ત્યારે બતાવવાના રહેશે.

ક્રમ	તારીખ	ભંગારનો પ્રકાર/વર્ણન તથા અન્ય વિગત	ભંગાર જેની પાસેથી ખરીદેલ હોય તેનું નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો	ભંગાર જેને વેચેલ હોય તેનુ નામ, સરનામુ, એક આઈ.ડી. પ્રુફ તથા તેનો તાજેતરનો ફોટો

આ જાહેરનામું તા. ૩૦-૦૬-૨૦૨૬ થી તા. ૨૯-૦૮-૨૦૨૬ સુધી (૨-માસ બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલ પગલા લેવા માટે કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેના ઉપરના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિદ્ધ કરવાનું આથી હું ફરમાવું છુ.

આજ તારીખ : ૩૦-૦૬-૨૦૨૬ આજ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૩૦ માહે જુન, સને ૨૦૨૬.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે : જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૦૫-૨૦૨૬ના પત્ર ક્રમાંક : મશિનિ/GPSC/જુન ૨૦૨૬/૧૯૨૭

જાહેરનામું

નં. મજસ-૧/GPSC પરીક્ષા/૨૦૨૬/વશી-૨૮૪૨ થી ૨૮૬૨.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૦૭-૦૬-૨૦૨૬ ના રોજ પરીક્ષા યોજાનાર છે. જેથી પરીક્ષા કેન્દ્રો પર કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને પરીક્ષા સ્થળોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર બંધ રાખવા, તેમજ પરીક્ષા સ્થળોની આસપાસ પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારી, સુરેન્દ્રનગર દ્વારા ઉકત વંચાણ વાળા પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, કે. આર. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ સુરેન્દ્રનગર જિલ્લાના આ સાથેના સામેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રનગરના ઉકત વંચાણવાળા પત્રના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તેની સામે દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરૂ છું.

૧. પરીક્ષા દિવસના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો (સ્થળો)ની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમિયાન થતી ગેરરીતિઓ અટકાવવા સારૂ તમામ ઝેરોક્ષની દુકાનો ચાલુ ન રાખવા માટેનો પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

૨. પરીક્ષા કેન્દ્રમાં સેલ્યુલર/મોબાઈલ/ઈલેકટ્રોનીક ગેઝેટસ જેવા તમામ ઈલેકટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરવા તથા લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૩. પરીક્ષાના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો (સ્થળો) ની આજુબાજુમાં ૪ (ચાર) કે તેથી વધુ વ્યકિતઓએ ઉભા રહેવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૪. પરીક્ષાના દિવસે વિજપુરવઠો ખોરવાઈ નહી તે માટે પરીક્ષાના દિવસે સવારના ૧૦-૦૦ થી ૧૫-૦૦ કલાક દરમિયાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

૫. પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ રહેશે.

૬. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પરીક્ષા અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવેલ SOP માં આપવામાં આવેલ સૂચનાઓની ચુસ્ત અમલવારી કરવાની રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી/ જે તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનોથી પ્રસિધ્ધિ/સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેરાત કરી પ્રસિધ્ધિ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરાવવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૩ માહે જુન સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૦૩ માહે જુન, સને ૨૦૨૬.

કે. આર. પટેલ G.A.S
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો

પોલીસ કમિશ્નર દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/ગણેશ સ્થાપના/જાહેરનામું/૪૦૬૫/૨૦૨૬.- રાજકોટ શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવાનો તહેવાર ખુબ ઉત્સાહ અને ધામધૂમ પુર્વક મનાવવામાં આવે છે. રાજકોટ શહેરમાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમીતે તા. ૧૪-૦૯-૨૦૨૬ ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓના વિસર્જન સરઘસો કાઢી મુર્તિઓ પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં અમુક ભાવીકો દ્વારા આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓને સ્થાપના કર્યાના ત્રીજા દિવસે, પાંચમા દિવસે, સાતમા દિવસે, નવમા દિવસે, અને મોટા ભાગના ભાવિકો દ્વારા અગીયારમા દિવસે એટલે કે તા. ૨૪-૦૯-૨૦૨૬ ના રોજ મુર્તીઓના વિસર્જન સરઘસો કાઢી ગણેશજીની મુર્તીઓને નદી કે તળાવમાં પધરાવીને વિસર્જન કરવામાં આવે છે.

આ મહોત્સવને અનુલક્ષીને મુતિકારો દ્વારા અગાઉથી મુર્તિઓ તૈયાર કરવામાં આવે છે દરમ્યાન મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી થવાના કારણે રોગચાળો ફેલાય નહી તેમજ કોઈ પણ ધર્મની ધાર્મીક લાગણી દુભાય નહી તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવામાં ન આવે અને મુર્તિઓની ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે, ઉપરાંત મુર્તિ બનાવવા માટે કેમિકલ યુકત રંગોના ઉપયોગ થતો હોય આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીના વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણી જન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવો અને નામદાર સર્વોચ્ય ન્યાયાલય દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને રાખવી જરૂરી છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ ખાતાના પત્ર નંબર : ENV-10-2010-10045/E તા. ૨૬-૦૭-૨૦૧૦ ની સુચનાથી નામદાર ગુજરાત તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

હું બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરુ છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) ભગવાનશ્રી ગણેશજીની મુર્તિ પ્લાસ્ટર ઓફ પેરીસની બનાવવા કે વેચવા કે સ્થાપના કરવા ઉપર.

(૨) શ્રી ગણેશજીની માટીની મુર્તિ બેઠક સહીતની ''૯'' ફુટ કરતાં વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર.

(૩) નકકી કરેલા વિસર્જન સ્થળો અને લીધેલ મંજુરીમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય કોઈ દરીયા, નદી, તળાવ, કુદરતી જળ સ્ત્રોત, કે નદીના ઓવારા ખાતે વિસર્જન કરવા ઉપર.

(૪) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા મુર્તિ જે જગ્યાએ વેચાણ માટે રાખનાર છે તે જગ્યાની નજીકમાં તથા આજુબાજુમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા ઉપર. તેમજ મુર્તિઓના બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

(૫) શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વેચાણમાં ન થયેલી તથા ખંડીત થયેલ મુર્તિઓને સ્થાપનાના દિવસ બાદ બીનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર તેમજ સ્થાપના કરવા ઉપર.

(૭) સ્થાપના/વિસર્જન સરઘસ યોજવા અંગેની પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર સ્થાપના/વિસર્જન સરઘસ યોજવા ઉપર.

(૮) CCTV લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા ઉપર.

(૯) ફાયર એકસટીંગ્યુસર (અગ્નિક્ષામક) લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓનો પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪૫/ઈ તા. ૨૬-૦૭-૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા દુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૦૯-૦૫-૨૦૧૩ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા. ૧૮-૦૮-૨૦૧૫ના હુકમના આધારે ઉપર મુજબના પ્રતિબંધો રાજકોટ શહેરમાં બહારથી ગણેશજીની મૂર્તિઓ લાવી વેચતા મૂર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે. જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

: અમલવારીનો સમય તથા પ્રતિબંધિત વિસ્તાર :

તા. ૧૮-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૫-૦૯-૨૦૨૪ ના કલાક ૨૪-૦૦ સુધી પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ શહેરમાં ફરજ બજાવતા પો.હેડ કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ અકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખ : ૦૮-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ

સભા સરઘસ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૪૩૬૫/૨૦૨૬.-હાલના રાજકોટ શહેર ખાતેની કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ તેમજ વિવિધ ઈન્ટેલીજન્સ ઈનપુટ ધ્યાને લેતા રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોને ભેગા થવા ઉપર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરી જણાય છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ તેમજ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

પરવાનગી વગર જાહેર જગ્યા/રોડ ઉપર સામાન્ય સંજોગો સિવાય ચાર કરતા વધારે માણસોને કોઈ સભા બોલાવવા કે ભરવા ઉપર અને કોઈ પણ જાતની સભા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

: અમલવારીના સમય તથા વિસ્તાર :

આ હુકમનો અમલ તા. ૨૩-૦૭-૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૬-૦૮-૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી અંગેની શરતો :

૧. સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી અંગે અરજદારે એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી.સી.પી.શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.શ્રીને દિન-૭ પહેલા અરજી કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે. અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે. અને આયોજક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાન જાહેર જગ્યામાં અથવા જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાન માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૦૬-૦૦ થી રાત્રી કલાક ૨૨-૦૦ સુધી જ રહેશે.

નોંધ : કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળોએ ધાર્મિક/સામાજીક કે અન્ય કોઈ પણ પ્રકારની સભા કે કોઈ કાર્યક્રમ કરવા અંગે કોઈ મંજુરી લેવાની જરૂરીયાત રહેતી નથી તેમજ મ્યુઝીક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

૬. સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી દરમ્યાન માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવાની મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

: અપવાદ :

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યક્તિઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા રાજકોટ શહેરના પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી..

આજ તારીખ ૨૨-૦૭-૨૦૨૬ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૨૬.

બ્રજેશ કુમાર ઝા
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરના પત્ર નં. ડી.આઈ.એલ.આર./સ્વામિત્વ/ એલ.આર.સી. ૧૨૬/મોટા અંકેવાળીયા/લીંબડી/૨૦૨૬ તા. ૦૮-૦૬-૨૦૨૬.

(૪) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫

હુકમ

નં. સિ.સ.-૨/સ્વામિત્વ/વશી/મોટા અંકેવાળીયા/લીંબડી/કલમ-૧૨૬/૨૦૨૬.-ભારત સરકારના પંચાયતી વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના કુલ-૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ થી ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૨ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે-મોટા અંકેવાળીયા, તાલુકો-લીંબડી, જિલ્લો-સુરેન્દ્રનગરમાં સીટી સરવે વિસ્તારની હદ નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૪ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-મોટા અંકેવાળીયા, તાલુકો-લીંબડી, જિલ્લો-સુરેન્દ્રનગરની આ સાથેના પત્રક-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો.મી. ૦૦), પત્રક-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પત્રક-ક (સરકારી સર્વે નંબર)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦) પત્રક-ડ (ગામતળ)માં (હે. ૧૨ આરે. ૬૨ ચો.મી. ૯૫) મળી કુલ ક્ષેત્રફળ હે. ૧૨ આરે. ૬૨ ચો.મી. ૯૫ વિસ્તારની જમીનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૦ માહે જુન, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફ્તર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરના પત્ર નં. ડી.આઈ.એલ.આર./સ્વામિત્વ/એલ.આર.સી. ૧૨૬/૨૭ોલ/લીંબડી/૨૦૨૬ તા. ૦૮-૦૬-૨૦૨૬.

(૪) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫

હુકમ

નં. સિ.સ.-૨/સ્વામિત્વ/વશી/૨ળોલ/લીંબડી/કલમ-૧૨૬/૨૦૨૬.-ભારત સરકારના પંચાયતી વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના કુલ-૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ થી ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફ્તર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૨ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે-૨ળોલ, તાલુકો-લીંબડી, જિલ્લો-સુરેન્દ્રનગરમાં સીટી સરવે વિસ્તારની હદ નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૪ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-૨ળોલ, તાલુકો-લીંબડી, જિલ્લો-સુરેન્દ્રનગરની આ સાથેના પત્રક-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો.મી. ૦૦), પત્રક-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પત્રક-ક (સરકારી સર્વે નંબર)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦) પત્રક-ડ (ગામતળ)માં (હે. ૨૬ આરે. ૯૦ ચો.મી. ૭૯) મળી કુલ ક્ષેત્રફળ હે. ૨૬ આરે. ૯૦ ચો.મી. ૭૯ વિસ્તારની જમીનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૦ માહે જુન, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફ્તર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરના પત્ર નં. ડી.આઈ.એલ.આર./સ્વામિત્વ/એલ.આર.સી. ૧૨૬/નીમકનગર/ધ્રાગધ્રાં/૨૦૨૫ તા. ૦૮-૦૬-૨૦૨૬.

(૪) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫

હુકમ

નં. સિ.સ.-૨/સ્વામિત્વ/વશી/નીમકનગર/ધ્રાગધ્રાં/કલમ-૧૨૬/૨૦૨૬.-ભારત સરકારના પંચાયતી વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના કુલ-૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ થી ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૨ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે-નીમકનગર, તાલુકો-ધ્રાગધ્રાં, જિલ્લો-સુરેન્દ્રનગરમાં સીટી સરવે વિસ્તારની હદ નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૪ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-નીમકનગર, તાલુકો-ધ્રાગધ્રાં, જિલ્લો-સુરેન્દ્રનગરની આ સાથેના પત્રક-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો.મી. ૦૦), પત્રક-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પત્રક-ક (સરકારી સર્વે નંબર)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦) પત્રક-ડ (ગામતળ)માં (હે. ૦૨ આરે. ૪૧ ચો.મી. ૭૩) મળી કુલ ક્ષેત્રફળ હે. ૦૨ આરે. ૪૧ ચો.મી. ૭૩ વિસ્તારની જમીનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૦ માહે જુન, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરના પત્ર નં. ડી.આઈ.એલ.આર./સ્વામિત્વ/એલ.આર.સી. ૧૨૬/વાઘગઢ/ધ્રાગધ્રાં/૨૦૨૫ તા. ૦૮-૦૬-૨૦૨૬.

(૪) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫

હુકમ

નં. સિ.સ.-૨/સ્વામિત્વ/વશી/વાઘગઢ/ધ્રાગધ્રાં/કલમ-૧૨૬/૨૦૨૬.-ભારત સરકારના પંચાયતી વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબના કુલ-૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ થી ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૨ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે-નીમકનગર, તાલુકો-ધ્રાગધ્રાં, જિલ્લો-સુરેન્દ્રનગરમાં સીટી સરવે વિસ્તારની હદ નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૪ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-વાઘગઢ, તાલુકો-ધ્રાગધ્રાં, જિલ્લો-સુરેન્દ્રનગરની આ સાથેના પત્રક-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો.મી. ૦૦), પત્રક-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પત્રક-ક (સરકારી સર્વે નંબર)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦) પત્રક-ડ (ગામતળ)માં (હે. ૭ આરે. ૪૫ ચો.મી. ૬૪) મળી કુલ ક્ષેત્રફળ હે. ૭ આરે. ૪૫ ચો.મી. ૬૪ વિસ્તારની જમીનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૦ માહે જુન, સને ૨૦૨૬.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરના પત્ર નં. ડી.આઈ.એલ.આર./સ્વામિત્વ/એલ.આર.સી. ૧૨૬/રામગઢ/ધ્રાગધ્રાં/૨૦૨૫ તા. ૦૮-૦૬-૨૦૨૬.

(૪) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫

હુકમ

નં. સિ.સ.-૨/સ્વામિત્વ/વશી/રામગઢ/ધ્રાગધ્રાં/કલમ-૧૨૬/૨૦૨૬.-ભારત સરકારના પંચાયતી વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

